ત્રિમાસિક કસોટી – ૨૦૨૬-૨૭

ધોરણ : ૫ (પાંચ) **વિષય :** ગણિત **સમય :** _____ **કુલ ગુણ :** ૪૦

વિદ્યાર્થીનું નામ : _____ **તારીખ :** _____

પ્રશ્ન – ૧

(અ) નીચેના પૈકી ગમે તે ચાર પ્રશ્નોના ઉત્તર આપો. (દરેક પ્રશ્નનો ૧ ગુણ) [કુલ ગુણ: ૪]

1. ‘ત્રણ હજાર બસો એક’ સંખ્યાને અંકોમાં લખો. [૧]
2. ૫,૦૪૦ સંખ્યાને શબ્દોમાં લખો. [૧]
3. ‘ચોત્રીસ હજાર આઠસો’ સંખ્યાને અંકોમાં લખો. [૧]
4. ૧,૨૫,૪૦૦માં કયા સ્થાનના અંકની સ્થાનકિંમત સૌથી ઓછી છે? (શૂન્ય સિવાય) [૧]
5. ૭,૮૨૪નું નજીકના દસનું આશરે મૂલ્ય લખો. [૧]
6. ૯૯,૫૦,૦૦૦નું નજીકના લાખનું આશરે મૂલ્ય લખો. [૧]

(બ) નીચેના પૈકી ગમે તે ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો. (દરેક પ્રશ્નના ૨ ગુણ) [કુલ ગુણ: ૬]

1. ૪,૫૮૦ અને ૪,૫૦૮માં સો અને દશકના સ્થાનના અંકોની સ્થાનકિંમત લખી, બંનેમાંથી મોટી સંખ્યા જણાવો. [૨]
2. ૧૨,૫૦૦ અને ૧૨,૦૫૦માં હજાર અને સોના સ્થાનના અંકોની સ્થાનકિંમત લખી, કઈ સંખ્યા નાની છે તે જણાવો. [૨]
3. ૪,૫૩૬નું નજીકના સોનું આશરે મૂલ્ય શોધો. [૨]
4. એક દુકાનદારની વાર્ષિક આવક ₹૮,૪૬,૫૬૭ અને વાર્ષિક ખર્ચ ₹૫,૪૮,૯૨૧ છે. વર્ષના અંતે તેની બચત કેટલી થશે? [૨]

પ્રશ્ન – ૨

(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (ગમે તે ત્રણ) (દરેકનો ૧ ગુણ) [કુલ ગુણ: ૩]

1. ૫ કિલોમીટર બરાબર કેટલા મીટર થાય? [૧]
   (અ) ૫૦ મીટર (બ) ૫૦૦ મીટર (ક) ૫,૦૦૦ મીટર (ડ) ૫૦,૦૦૦ મીટર
2. ૩,૦૦૦ ગ્રામને કિલોગ્રામમાં ફેરવતાં કેટલા કિલોગ્રામ મળે? [૧]
   (અ) ૩ (બ) ૩૦ (ક) ૩૦૦ (ડ) ૩,૦૦૦
3. ૪ લિટર ૫૦૦ મિલીલિટર બરાબર કુલ કેટલા મિલીલિટર થાય? [૧]
   (અ) ૪૫૦ (બ) ૪,૦૫૦ (ક) ૪,૫૦૦ (ડ) ૪૫,૦૦૦
4. ૭૦૦ સેન્ટીમીટર બરાબર કેટલા મીટર થાય? [૧]
   (અ) ૭ (બ) ૭૦ (ક) ૭૦૦ (ડ) ૭,૦૦૦

(બ) નીચેના પૈકી ગમે તે ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો. (દરેકનો ૧ ગુણ) [કુલ ગુણ: ૩]

1. ૪ કિલોમીટરના મીટર કેટલા થાય? [૧]
2. ૬૦૦ સેન્ટીમીટરને મીટરમાં ફેરવો. [૧]
3. ૫ કિલોગ્રામ બરાબર કેટલા ગ્રામ થાય? [૧]
4. ૮,૦૦૦ ગ્રામને કિલોગ્રામમાં રૂપાંતર કરો. [૧]
5. ૭ લિટરના મિલીલિટર કેટલા થાય? [૧]

પ્રશ્ન – ૩

(અ) નીચેના પૈકી ગમે તે બે પ્રશ્નોના ઉત્તર આપો. (દરેક પ્રશ્નના ૨ ગુણ) [કુલ ગુણ: ૪]

1. રેશ્મા અને તેનો ભાઈ દર મહિને વ્યક્તિદીઠ ₹૬૨૫ બચતબૅંકમાં જમા કરાવે છે. તો એક વર્ષના અંતે બંને મળીને કુલ કેટલા રૂપિયા જમા કરશે? [૨]

2. નયનની માસિક બચત ₹૨,૫૫૦ છે. તો ₹૨૨,૯૫૦ની બચત કરવા માટે તેને કેટલા મહિનાની જરૂર પડશે? [૨]

3. એક કિલોગ્રામ ફૂલાવરનો ભાવ ₹૨૦ અને કોબીજનો ભાવ ₹૨૫ છે. નિલેશભાઈ ૩ કિલોગ્રામ ફૂલાવર અને ૩ કિલોગ્રામ કોબીજ ખરીદે છે. તેમણે કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડશે? [૨]

(બ) નીચેના પૈકી ગમે તે બે પ્રશ્નોના ઉત્તર આપો. **(દરેક પ્રશ્નના ૩ ગુણ) [કુલ ગુણ: ૬]**

1. તારાબેને એક લારી ખરીદવા માટે ₹૫,૦૦૦ની લોન લીધી હતી. તેણીએ એક વર્ષ સુધી દર મહિને ₹૫૫૦ જમા કરાવ્યા. તો તેણીએ કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા અને મૂળ લોન કરતાં કેટલા રૂપિયા વધારે ચૂકવ્યા? [૩]

2. કાવ્યા અને તેની બહેને કલમી જામફળના નવા છોડ ખરીદવા માટે ₹૧૮,૦૦૦ની લોન લીધી. તેમણે એક વર્ષમાં કુલ ₹૨૦,૪૦૦ પાછા ચૂકવ્યા. તો તેમણે દર મહિને કેટલા રૂપિયા ચૂકવ્યા હશે? [૩]

3. ૧૨૦ કિલોગ્રામ વલસાડી તોતાપુરી કેરીના ₹૪,૮૦૦ હોય, તો ₹૬૦૦માં કેટલા કિલોગ્રામ કેરી ખરીદી શકાય? [૩]

4. ટ્રેક્ટર એક કલાકમાં ૨૨ કિમી અંતર કાપે છે તથા બળદગાડું એક કલાકમાં ૩ કિમી અંતર કાપે છે. તો બળદગાડા કરતાં ટ્રેક્ટર એક કલાકમાં કેટલું વધારે અંતર કાપે છે? [૩]

પ્રશ્ન – ૪ : યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (ગમે તે ચાર) (દરેક પ્રશ્નનો ૧ ગુણ) [કુલ ગુણ: ૪]

1. કોઈ એક ખૂણાનું માપ ૯૦° કરતાં ઓછું છે, તો તે કયો ખૂણો હોઈ શકે? [૧]
   (અ) કાટકોણ (બ) કાટકોણથી મોટો (ક) કાટકોણથી નાનો (ડ) સીધો ખૂણો

2. કાટકોણને નીચે પૈકી કયા અંગ્રેજી મૂળાક્ષર વડે દર્શાવી શકાય? [૧]
   (અ) R (બ) L (ક) O (ડ) C

3. નીચે પૈકી કયું મૂલ્ય કાટકોણના મૂલ્યથી મોટું છે? [૧]
   (અ) ૬૦° (બ) ૪૫° (ક) ૧૦૫° (ડ) ૩૦°

4. કાટકોણનું માપ કેટલું હોય છે? [૧]
   (અ) ૪૫° (બ) ૯૦° (ક) ૧૮૦° (ડ) ૩૬૦°

5. દીવાલ અને ભોંયતળિયા વચ્ચે કયો ખૂણો બને છે? [૧]
   (અ) કાટકોણ (બ) કાટકોણથી મોટો (ક) કાટકોણથી નાનો (ડ) કોઈ નહીં

પ્રશ્ન – ૫ : નીચેના પૈકી ગમે તે બે પ્રશ્નોના ઉત્તર આપો. (દરેક પ્રશ્નના ૨ ગુણ) [કુલ ગુણ: ૪]

1. એક આકારનું ક્ષેત્રફળ ૨૪ ચોરસ સેમી છે. તેને બે સરખા ભાગમાં વિભાજિત કરતાં દરેક ભાગનું ક્ષેત્રફળ કેટલું થશે? [૨]

2. ૧૨ ચોરસ સેમી ક્ષેત્રફળ થાય તેવો આકાર દોરો. [૨]

3. ૬ ચોરસ ખાનાનો ઉપયોગ કરીને એક આકાર બનાવો અને તેની પરિમિતિ શોધો. [૨]

4. મોટા ચોરસ અને નાના ચોરસની પરિમિતિનો તફાવત કેવી રીતે શોધશો તે સમજાવો. [૨]

પ્રશ્ન – ૬ : નીચેના પ્રશ્નોના જવાબ આપો. (ગમે તે ત્રણ) (દરેક પ્રશ્નના ૨ ગુણ) [કુલ ગુણ: ૬]

1. ૯૮,૩૪૬ માંથી ૮૧,૩૬૫ બાદ કરો. [૨]

2. ૯૮,૩૮૧ + ૩૪,૬૩૦ − ૩૪,૬૯૦ = _____ [૨]

3. એક ખેડૂતે પ્રથમ દિવસે ૩૯૨ કિગ્રા અને બીજા દિવસે ૨૦૮ કિગ્રા કેરી ઉતારી. નજીકના સોના આધારે કુલ કેરીનો અંદાજિત સરવાળો શોધો.

4. ₹૮,૭૩૫માંથી ₹૨,૯૬૫ ખર્ચાયા. નજીકના સોના આધારે બાકી રકમનો અંદાજ આપો. [૨][૨]

5. ૪,૩૨૦માં ૫ શતક ઉમેરતાં નવી સંખ્યા કઈ બનશે? [૨]

નોંધ : તમામ પ્રશ્નોમાં જ્યાં “ગમે તે” લખ્યું છે ત્યાં દર્શાવેલી સંખ્યાના પ્રશ્નોના જ જવાબ આપવાના રહેશે.

🌷 **શુભેચ્છા!** 🌷